નવી પોલિસી MMF ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપનારી : કમલવિજય તુલસ્યાન

ગુજરાતની નવી ટેક્સટાઈલ પોલિસીને સમગ્ર ટેક્સટાઈલ ઉદ્યોગનો આવકાર

સુરત : પાંડેસરા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનનાં પ્રેસિડેન્ટ કમલવિજય તુલસ્યાને ગુજરાતની નવી ટેક્સટાઈલ પોલિસીને આવકારતા જણાવ્યું છે કે, ગુજરાતની નવી ટેક્સટાઈલ પોલિસી MMF ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપનારી બની રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર.પાટીલ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને ઉદ્યોગ રાજ્ય મંત્રી હર્ષભાઈ સંઘવીના સહિયારા પ્રયાસોને લીધે સુરતના ટેક્ષટાઇલ ઉદ્યોગકારોને દિવાળીની મહત્વપૂર્ણ ભેટ મળી છે. ગુજરાત સરકાર નવી ટેક્સટાઈલ મશીનરી પર 10% થી 35 % સુધી કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ સબસિડી મળશે. નવા ટેક્સટાઈલ એકમો માટે વ્યાજ સબસિડી 7 થી 8 ટકા કરવામાં આવી છે.નવા રોજગારનું સર્જન કરનારા ઉદ્યોગપતિઓને પ્રતિ કર્મચારી રૂપિયા 5 હજાર સુધીનો પે-રોલ સપોર્ટ મળશે.

કેપિટલ સબસિડી અને ઇન્ટરેસ્ટ સબસિડીની જોગવાઈ ગેમચેંજર સાબિત થશે : મયૂર ગોળવાલા

સુરતના વિવિંગ ઉદ્યોગના આગેવાન અને સચિન ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી મયુર ગોળવાલાએ જણાવ્યું કે ગુજરાતમાં ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે આજે જે ટેક્સટાઈલ પોલિસી 2024 જાહેર કરી છે એ ન ભૂતો ન ભવિષ્યતિ સમાન છે. પહેલીવાર વિવિંગ ઉદ્યોગને એક્ટિવિટી બે માં દર્શાવી ગુજરાત સરકારે ગુજરાતમાં ટેક્સટાઈલ ઉદ્યોગમાં મૂડીરોકાણ કરનારાઓને કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ સબસિડી અલગ અલગ કેટેગરીમાં આપવાનું એલાન કર્યું છે. સાથે ઇલેક્ટ્રિસિટી ટેરીફ સબસિડી પ્રતિ યુનિટ એક રૂપિયો અને ઇન્ટરેસ્ટ સબસિડી પણ ચાલુ રાખી છે. ટેક્સટાઈલ ઉદ્યોગકારો માટે આ ગેમચેન્જર પુરવાર થશે. આ પોલિસીની જાહેરાત થવાથી મહારાષ્ટ્ર નવાપુર તરફ જતા ટેક્સટાઇલ ઉદ્યોગકારો અટકશે.

એ ઉપરાંત ઇલેક્ટ્રિસિટી ટેરીફ સ્કીમમાં પ્રતિ યુનિટ રૂપિયા 1 ની સબસિડી આવકાર્ય છે.

સબસીડીની જોગવાઈથી MMF ઇન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે : ભરત ગાંધી

ફેડરેશન ઓફ ઇન્ડિયન આર્ટ સિલ્ક એન્ડ વિવિંગ ઇન્ડસ્ટ્રી (ફિયાસ્વી)નાં ચેરમેન ભરત ગાંધીએ જણાવ્યું હતું કે, કેપિટલ સબસિડી અને ઇન્ટરેસ્ટ સબસિડીની જોગવાઈથી સુરતની MMF આધારિત ઇન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે.એમએમએફ સ્પીનિંગમાં પોલિએસ્ટર સ્ટેપલ ફાઇબર અને વિસ્કોસ સ્ટેપલ ફાઇબરમાંથી યાર્ન બનાવતા ટેક્સટાઈલ એકમોને પણ ઇન્સેન્ટીવ આપવાની જોગવાઇ આવકાર્ય છે. જૂ પોલિસી અંગે ડીટેઈલ GR આવ્યા પછી વધુ વિશ્લેષણ થઈ શકશે.

ટેક્સટાઈલ પોલિસી સમયસરની ઉદ્યોગને રાહત આપનારી : જીતેન્દ્ર વખારિયા

સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશન (SGTPA) નાં પ્રેસિડેન્ટ જીતેન્દ્ર વખારિયાએ જણાવ્યું હતું કે, ટેક્સટાઈલ પોલિસી સમયસરની ઉદ્યોગને રાહત આપનારી આવકારદાયક છે. કેપિટલ સબસિડી 10 થી 35 ટકા અને વ્યાજ સબસિડી 5 થી 7 ટકા જાહેર થતાં ઉદ્યોગકારોને બેન્કિંગ વ્યાજમાં મોટી રાહત મળશે. બેંક લોન વહેલી ભરી શકાશે. 1 રૂપિયા પાવર સબસિડી આપવાની જાહેરાતથી પણ મોટી રાહત મળશે.

સબસીડીનો સ્લેબ જોતાં ટેક્નોલોજી સાથે નવી રોજગારી ઊભી થશે : અશોક જીરાવાળા

ફોગવાના પ્રમુખ અશોક જીરાવાળાએ જણાવ્યું હતું કે, નવી ટેક્સટાઈલ પોલિસીની ઉદ્યોગકારો કાગડોળે રાહ જોતા હતા. કેપિટલ સબસિડી ,વ્યાજ સબસિડી, પાવર ટેરિફ સબસિડી અને લેબર ઇન્સેન્ટિવની જોગવાઇ આવકાર્ય છે. GR માં નાના વિવરોને આ યોજનાનો લાભ મળે અને અગાઉની યોજના પછીનો બ્લેક આઉટ પીરીયડ પણ એમાં સામેલ રહે તો સમગ્ર ટેક્સટાઈલ ઉદ્યોગની કાયાપલટ થઈ શકે.

ગુજરાત ટેક્સટાઇલ પોલિસી 2024 ઉદ્યોગની સ્થિતિ બદલશે : કૈલાશ હાકીમ

ફોસ્ટાનાં પ્રમુખ કૈલાશ હાકીમે જણાવ્યું હતું કે, ટેક્સટાઇલ પોલિસી લોન્ચ થતાં સમગ્ર ટેક્સટાઈલ ચેઇનમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. કાપડ ઉદ્યોગમાં તમામ ઘટકો જેવા કે યાર્ન, એમએમએફથી માંડીને વણાટ, ભરતકામ, પ્રોસેસિંગ, ટેક્સચરાઇઝિંગ, ગારમેન્ટ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. મહિલા કર્મચારીઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. જે મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપશે.

પોલીસની સતત દોઢ મહિનાની કસરત લેખે લાગી, ચીકલીગર ગેંગની જ સંડોવણી બહાર આવી

ભટાર રોડના જ્વેલર્સમાંથી 1.25 કરોડના દાગીના ચોરીમાં 3 ઝડપાયા

સુરત ક્રાઈમ બ્રાન્ચે સૂત્રધારને મુંબઈના થાણેથી જ્યારે અન્ય બેને ભરૂચ અને ખંભાતથી દબોચી લીધા

30થી વધુ મોટી ચોરીને અંજામ આપનારા ચીકલીગર ગેંગના તમામ 15 જેટલા સાગરીત રીઢા

સુરતઃ ભટાર રોડ પર ટર્નિંગ પોઈન્ટમાં આવેલી ઓર્નામેન્ટલ જ્વેલર્સની દુકાનમાંથી થયેલી 1.25 કરોડની ધરફોડ ચોરીની ઘટનામાં પોલીસે ત્રણ દિશામાં તપાસ હાથ ધરી ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે 30થી વધુ ગુનામાં અગાઉ પોલીસના હાથે ઝડપાઈ ચૂકેલા સૂત્રધાર સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચે સોનાના ઘરેણાં, રોકડ રકમ, ઈકો ફોર વ્હીલ કાર સહિત એક કરોડથી વધુની મત્તાનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સુરત, વડોદરા, ભરૂચ અને ગાંધીનગર પોલીસ મથકે નોંધાયેલા છ જેટલા ગુનાના ભેદ પણ ઉકેલાઈ ગયા છે. આરોપીઓની વધુ પૂછપરછમાં વધુ ગુના ઉકેલાય તેવી શક્યતા પોલીસ જોઈ રહી છે.

આ ઘટનાની તપાસ સુરતની ઉમરા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા હાથ ધરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અલગ અલગ ટીમો બનાવી ગુનાનો ભેદ ઉકેલ કાઢવા ચક્રો ગતિમાન કરાયા હતા. પોલીસની તપાસમાં આ ગેંગ દ્વારા દુકાનમાં લાગેલા સીસીટીવી કેમેરાના ડીવીઆર પણ ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. જે આરોપીઓનું પગેરું મેળવવું પોલીસ માટે પડકાર સમાન હતું. જો કે પોલીસને માહિતી મળી હતી કે કરોડોની ધરફોડ ચોરીની આ ઘટનામાં કુખ્યાત આંતરરાજ્ય સીકલીગર ગેંગનો હાથ છે. જેથી આ ગેંગને ઝડપી પાડવા માટે પોલીસે ત્રણ દિશાઓમાં અલગ અલગ ટીમો કામે લગાડી હતી. છેલ્લા દોઢ મહિનાથી આ ગુનાનો ભેદ ઉકેલવા પોલીસે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. દરમિયાન સુરત ક્રાઈમ બ્રાન્ચે મુંબઈ, ભરૂચ અને ખંભાત ખાતેથી આ ગુનાના સૂત્રધાર સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

જેમાં મહારાષ્ટ્ર થાણેનો સશપાલસિંહ ઉર્ફે પાપા સિકલીગર, ભરૂચ ચાવજ ગામ ખાતે રહેતો કરનાલસિંહ ઉર્ફે પીલુ સિકલીગર અને આણંદ ખંભાત ખાતેનો રહેવાસી શેરૂ સિંગ સિકલીગર સહિત અન્ય બે ઈસમે 4થી સપ્ટેમ્બરના રોજ મજુરા ફાયર સ્ટેશનની સામે ટર્નિંગ પોઈન્ટ કોમ્પ્લેક્સ ખાતેની ઓર્નામેન્ટ જ્વેલર્સ નામની દુકાનમાં ચોરીના ગુનાને અંજામ આપ્યો હોવાની માહિતી મળી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચે મુંબઈના થાણે વિસ્તારમાંથી ગેંગના સૂત્રધાર સશપાલસિંહ ઉર્ફે પાપાને ઝડપી પાડ્યો છે. જેની પાસેથી રોકડા રૂપિયા ત્રણ લાખ જેટલી રકમ જપ્ત કરવામાં આવી છે. આ જ પ્રકારે ક્રાઈમ બ્રાન્ચે આ ગુનામાં સામેલ ભરૂચ જિલ્લાના ચાવજ ખાતે રહેતા આરોપી કરનાલસિંહ ઉર્ફે પીલુ હરીસિંહ સિકલીગરને ભરૂચ એલસીબી અને ભરૂચ એ ડિવિઝન પોલીસની મદદથી દબોચી લીધો છે. તેની પાસેથી પણ 3.50 લાખ જેટલી રોકડ કબજે કરવામાં આવી છે. ઉપરાંત આ ગુનામાં સંડોવાયેલ અન્ય આરોપી શેરૂ સિંગ કાળુસિંહ સિકલીગરને પણ આણંદ જિલ્લાના ખંભાત ખાતેથી આણંદ પોલીસની મદદથી ઝડપી પડાયો છે. આમ ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ઓર્નામેન્ટલ જ્વેલર્સમાં કરોડોની ધરફોડ ચોરીની ઘટનામાં ઓપરેશન "પાપા સરદાર" હાથ ધરી મુખ્ય આરોપી સહિત ત્રણ શખ્સોને ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી કઢાયો છે.

500થી વધારે સીસીટીવી ફૂટેજે પોલીસને આરોપી સુધી પહોંચાડ્યા

4 સપ્ટેમ્બરના જવેલર્સમાં ત્રાટકેલા તસ્કરો શટર તોડીને શો-રૂમમાં મુકવામાં આવેલ અંદાજે ત્રણ કિલો ગ્રામ સોનાના દાગીના અને સાત કિલો ચાંદીના દાગીના મળીને કુલ્લે ૧.૨૫ કરોડ રૂપિયાની ચોરી કરી નાશી છૂટયા હતા. ઘટના સંદર્ભે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ દરમિયાન ૫૦૦થી વધારે સીસીટીવી ફૂટેજને અંતે ચોરીમાં વપરાયેલી કાર વડોદરામાં વરણામા ખાતે બિનવારસી મળી આવી હતી. આરોપીઓ દ્વારા ચોરીની ઘટનાને અંજામ આપવા માટે કાર વડોદરાના ગોરવામાંથી જ ચોરી કરવામાં આવી હોવાનું તપાસમાં ખુલવા પામ્યું હતું.પોલીસના હાથે પહેલી કડી મળી આવતાં પોલીસ દ્વારા હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેક્નીકલ સર્વેલ્સના આધારે આરોપીઓ સુધી પહોંચી ગઈ હતી.

ચાલીસ જેટલા જ્વેલર્સનાં તાળાં તોડી ચૂક્યા છે ચીકલીગરો

આ ચીકલીગરોએ ચાલીસ જેટલા જવેલર્સોના તાળા છેલ્લા પાંચ વર્ષમા તોડ્યા છે. આઠ મહિના પહેલા ઉદેપુરમાં જવેલર્સને ત્યાંથી દોઢ કરોડની ચોરી તથા સુરતમાં પણ સવા કરોડનુ સોનુ ચોરવામાં તેઓ સફળ રહ્યા હતા.

ત્રણ સોનીને દોઢ કિલો સોનું વેચવામાં આવ્યું

ડીસીપી ભાવેશ રોઝિયાએ જણાવ્યું કે 3 સોનીને દોઢ કિલો સોનું વેચ્યું છે. દરમિયાન આ લોકોને પોલીસ ટૂંક સમયમા પકડી લેશે. પોલીસે 3 સોનીને પકડવા માટે જે તે પોલીસ સ્ટેશનોને જાણ કરી હોવાની વિગત જાણવા મળી છે.

વર્ષનો દોઢથી બે કરોડનો ટાર્ગેટ, સૂત્રધારે બનેવીને જીવતો સળગાવેલો

આમ તો બેંકો અને ઔદ્યોગિક સંસ્થાઓ વાર્ષિક ટાર્ગેટ રાખતી હોય છે, પરંતુ આ ચીકલીગર ગેગના પંદર જેટલા લોકો એવું કહેવાય છે કે વર્ષમાં દોઢ થી બે કરોડના સોનાની ચોરીનો ટાર્ગેટ રાખતા હતા. આ ગેંગનો સૂત્રધાર પાપા ક્રીમીનલ માઇન્ડેડ છે, તેણે પોતાના સગા બનેવીને જીવતો સળગાવી નાંખ્યો હતો. આ ગેંગના હજુ ચાર લોકોને ક્રાઇમ બ્રાન્ચ શોધી રહી છે. ચાલીસ જેટલા જવેલર્સના તાળા તોડી ચૂક્યા છે ચીકલીગરો આ ચીકલીગરોએ ચાલીસ જેટલા જવેલર્સોના તાળા છેલ્લા પાંચ વર્ષમા તોડ્યા છે. આઠ મહિના પહેલા ઉદેપુરમાં જવેલર્સને ત્યાંથી દોઢ કરોડની ચોરી તથા સુરતમાં પણ સવા કરોડનુ સોનુ ચોરવામાં તેઓ સફળ રહ્યા હતા.

ચોરી કરવાનો આ માસ્ટર પ્લાન

ચીકલીગર ગેંગના આ કુખ્યાત લોકોએ વડોદરાથી સુરત આવવા માટે ચોરી કરી હતી. જેથી તાળા તોડ્યા બાદ આ ચીકલીગર ગેંગ વડોદરા ઇકો કાર મૂકી આવી હતી. જેથી ચોરીની ગાડી કોની છે તેની પાછળ પોલીસ લાગેલી રહે. છ મહિના પહેલા આ ગેંગે વડોદરામાં છ લાખની ચોરી સોનાની દુકાનમાં કરી હતી. તે સમયે તેઓએ સુરતમાં નાનપુરાથી ગાડી ઉઠાવી હતી. વડોદરામાં ચોરી કર્યા બાદ ફરીથી સુરત આવીને ગાડી મૂકી ગયા હતા.

રીઢા ચોરો સામે સંખ્યાબંધ ગુનાઓ નોંધાયા હોવાનો ચોંકાવનારો ખુલાસો

જવેલર્સની દુકાનમાંથી ત્રણ કિલો ગ્રામ સોનાના દાગીના અને સાત કિલો ચાંદીના દાગીના મળીને કુલ્લે ૧.૨૫ કરોડ રૂપિયાની ચોરી પ્રકરણમાં ક્રાઇમ બ્રાન્ચે પકડેલા કુખ્યાત ચીકલીગર ગેંગના ત્રણ આરોપીની પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક પુછપરછ દરમિયાન સસપાલસિંગ વિરૂદ્ધ ગુજરાત અને મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં હત્યા સહિત ૨૭ જેટલી ફરિયાદો નોંધાવા પામી છે. જ્યારે શેરૂસિંગ વિરૂદ્ધ પણ ત્રણ જેટલી ફરિયાદો પોલીસ ચોપડે નોંધાયેલી છે. પોલીસના હાથે ઝડપાયેલા ત્રણે આરોપીઓની પુછપરછ દરમિયાન ગાંધીનગર, ભરૂચ અને વડોદરામાં આચરવામાં આવેલી ગુનાઈત પ્રવૃત્તિઓનો ભેદ પણ ઉકેલવામાં સફળતા સાંપડી છે.

મનપાના કર્મચારીઓને એડ્વાન્સમાં મળનારો 175 કરોડનો પગાર દિવાળીની તેજી લાવશે

મનપા કર્મીઓ, પરિજનો સાથે દિવાળી સારી રીતે ઉજવી શકે એ માટે 25મી સુધીમાં એડ્વાન્સ પગાર ચૂકવવા શાસકો સમક્ષ દરખાસ્તઃ મંદીમાં ફાંફાં મારતા વેપારીઓની ચિંતા હળવી થશે

સુરતઃ શહેરમાં મંદીની બુમરાણ વચ્ચે વેપારીઓને દિવાળીની ખરીદી બાબતે ચિંતા સતાવી રહી છે, ત્યારે દિવાળીના તહેવારને ધ્યાને રાખીને સુરત મહાનગર પાલિકાના કર્મચારીઓ તેમજ પેન્શનરોને ઓક્ટોબર 2024 મહિનાનો પગાર, 1થી 7 નવેમ્બરને બદલે 25મી ઓક્ટોબર સુધીમાં કરી દેવા માટે શાસકો સમક્ષ દરખાસ્ત મૂકવામાં આવી છે. જેથી 25મી તારીખથી શહેરના બજારોમાં દિવાળીની ખરીદી વેગ પકડે તેવી આશા છે.

આગામી 31મી ઓક્ટોબરે દિવાળીનો તહેવાર આવતો હોવાથી સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓ તથા પેન્શનરોને ખરીદી તેમજ અન્ય કારણ માટે નાણાંની જરૂર હોવાથી કર્મચારીઓને ઓક્ટોબર 2024 માસનો પગાર તેમજ પેન્શન 25મી ઓક્ટોબર સુધીમાં ચૂકવણી કરવામાં આવે તો કર્મચારીઓના તથા પેન્શનરો પોતાના કુટુંબીજનો સાથે આનંદ અને ઉત્સાહપુર્વક દિવાળીના તહેવારની ઉજવણી કરી શકે. અગાઉનાં વર્ષોમાં પણ જ્યારે જ્યારે દિવાળીનો તહેવાર માસનાં અંતમાં આવતો હતો, તે વર્ષોમાં પણ વહેલો પગાર તેમજ પેન્શન ચૂકવવામાં આવતું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, મનપાના 22 હજારથી વધુ કર્મચારીઓને મનપા દ્વારા એડવાન્સ પગાર પેટે 150 કરોડ અને ચોથા વર્ગના કર્મચારીઓને ફેસ્ટીલવ એડવાન્સ પેટે 18 કરોડ ચુકવાશે, તેથી સુરતની બજારોમાં પોણા બસ્સો કરોડ ઠલવાતા તેજીનો સંચાર દેખાશે.

રસ્તા પર દોડતી મોટરસાઈકલ ઓવરહિટ થતાં સળગી ઊઠી

સુરત : ઉધના રોડ નં-3 ઉપર સોમવારે રાત્રે એક મોટરસાઈકલ ભડભડ સળગવા લાગી ગઈ હતી. આગ લાગતાની સાથે જ ચાલક પોતાનો જીવ બચાવવા માટે તેનુ વાહન રસ્તાની સાઈડ ઉપર મુકીને ઉતરી ગયો હતો. ગુરૂવારે રાત્રે દેવકુમાર યાદવ તેની મોટર સાઈકલ નં (જી.જે.05-2447) ઉપર સવાર થઈને ઉધના રોડ નં-3 ઉપરથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન અચાનક એન્જિનમાંથી ધૂમાડા નીકળવા લાગ્યા હતા અને એકાએક આગ ભડકવાની શરૂઆત થઈ ગઈ હતી. ચાલકે તેની મોટરસાઈકલને તુરંત જ રસ્તાની એક સાઈડ ઉપર કરી ઉતરી ગયો હતો. બાદમાં ફાયર કંટ્રોલને બનાવ અંગે જાણ કરવામાં આવતા ઉધના ફાયર સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે પહોચી ગયો હતો. ફાયર સબ ઓફિસર રોહિત ખલાસીએ જણાવ્યુ હતુ કે, મોટરસાઈકલ ઓવર હિટને કારણે સળગી ગઈ હોવાનું જાણવા મળ્યુ હતુ.

આજે વર્લ્ડ રીસ્ટાર્ટ અ હાર્ટ ડે ટેનિસ રમતી વખતે કાર્ડિયાક અરેસ્ટનો ભોગ બનેલા નવજીવન પામ્યા અને ફરી ટેનિસ રમતા થયા

સિંગાપોરમાં સુરતના તબીબે 23 મિનિટ CPR આપી તબીબ મિત્રનો જીવ બચાવ્યો

ઇમર્જન્સી મેડિસીનના ડો.ક્રિસ્ટફર વોંગ ટેનિસ રમતી વખતે કાર્ડિયાક અરેસ્ટનો શિકાર બનતાં ત્રણ સાથી ડોક્ટરના 23 મિનિટના CPR પછી તેઓ ફરી સ્વસ્થ થયા

ડો.વોંગનો જીવ બચાવવા બદલ તબીબોને સર્વાઈવર એવોર્ડ સિંગાપોર આપવામાં આવ્યો હતો

સુરતઃ આવતીકાલે બુધવારે 'વર્લ્ડ રિસ્ટાર્ટ અ હાર્ટ ડે' છે, જે એક વૈશ્વિક પહેલ છે. જેનો હેતુ કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન (CPR)ના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવા અને અચાનક કાર્ડિયાક અરેસ્ટથી બચવાના દરમાં સુધારો કરવાનો છે. ત્યારે મૂળ સુરતના અને હાલમાં સિંગાપોર ખાતે રહેતા એક તબીબે પોતાના તબીબ મિત્રને સતત 23 મિનિટ સુધી સીપીઆર આપીને તેમનો જીવ બચાવ્યો હતો.

મૂળ સુરતના પીપલોદના મહિમા એપાર્ટમેન્ટમાં રહેતા અને 16 વર્ષથી સિંગાપોર સ્થાયી થયેલા ડો.સોહિલ પોથિયાવાલા ડો.વોંગ સાથે ટેનિસ રમી રહ્યા હતા. ત્યારે રમત દરમિયાન ડો.વોંગ કાર્ડિયાક એરેસ્ટનો ભોગ બન્યા હતા. ત્યારે તે પોતાના 3 મિત્ર ડો.સોહિલ પોથિયાવાલા (ઉં.વ.47) (મૂળ સુરતના વતની), પ્રોફેસર અમિલા પુણ્યદાસ (ઉં.વ.52) બંને વૂડલેન્ડ્સ હેલ્થના ઇમર્જન્સી

ડો. કેનેથ ડો. સોહિલ ડો. ક્રિસ્ટોફર ડો. અમિલા

ડો. સોહિલ

મેડિસીન ડિપાર્ટમેન્ટના સિનિયર કન્સલ્ટન્ટ અને પ્રોફેસર કેનેથ હેંગ (ઉં.વ.54) જે તાન ટોક સેંગ હોસ્પિટલ (TTSH) ના સિનિયર કન્સલ્ટન્ટ છે, તેમની સાથે ટેનિસ રમતા હતા. આ ચાર ડોક્ટર્સ 20 વર્ષથી વધુ મિત્રતા ધરાવે છે અને વર્ષ-2020થી દર અઠવાડિયે ટેનિસ રમે છે. આ ઘટના 19 મેના રોજ પ્રોફેસર હેંગના સિંગાપોરના બુકિટ ટિમાહ વિસ્તારમાં આવેલા કંડોમેનિયમમાં બની હતી. 45 મિનિટની રમત પછી ડો.વોંગને ચક્કર જેવું લાગ્યું અને તેમણે 5 મિનિટ આરામ કર્યો. આ ગરમીના કારણે થયું હશે એમ માનીને તે પાછા રમવા લાગ્યા. 90 મિનિટ ટેનિસ રમ્યા પછી સવારે 8:30 વાગ્યે તેમને ફરી એકવાર ચક્કર જેવું લાગ્યું અને પોતાના મિત્રોને કહ્યું: "હું આગળ રમી શકતો નથી." તેમણે તેને એક ઇલેક્ટ્રોલાઈટ પાણી આપ્યું. તે પીધા પછી તે કોલેપ્સ થઈ ગયા.

ડો.સોહિલે કહ્યું: "મેં તરત જ પલ્સ ચેક કરી અને માનવામાં ના આવ્યું કે અચાનક આટલી પલ્સ ચાલી ગઈ છે." ડો.સોહિલ અને પ્રોફેસર અમિલાએ તરત જ ડો.વોંગ પર કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન (CPR) કરવાનું શરૂ કર્યું, ટોટલ 23 મિનિટ સુધી લગાતાર CPR કર્યું અને તેને બચાવવાની કોશિશ ચાલુ રાખી. આ દરમિયાન પ્રોફેસર હેંગે એમ્બ્યુલન્સ માટે ફોન કર્યો અને ઓટોમેટેડ એક્સટર્નલ ડિફિબ્રિલેટર (AED) શોધવા માટે દોડ્યા અને નજીકના બિલ્ડિંગમાંથી લઈ 15 મિનિટે પાછા આવ્યા.

AEDનો શૉક આપ્યા પછી સાથે CPR ચાલુ રાખ્યું. 18 મિનિટના CPR પછી સિંગાપુર સિવિલ ડિફેન્સ ફોર્સ (SCDF)ના પેરામેડિક્સ આવ્યા અને ડો.વોંગને શૉક આપવાનું ચાલુ રાખ્યું. 23 મિનિટના CPR પછી ડો.વોંગની પલ્સ પાછી આવી અને તે જાગી ગયા. ડો.વોંગે કહ્યું: "હું એક સપનાની સ્થિતિમાં હતો. લોકોને મારા છાતી પર દબાણ કરતાં મહેસૂસ કરતો હતો અને તે મને પૂછતા હતા, 'તું ઠીક છે મિત્ર?'

ડો.વોંગને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યા અને એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી. ડો.સોહિલ, ડો.અમિલા અને ડો.હેંગને જુલાઈમાં તેમના સફળ પ્રયાસો માટે SCDF કમ્યુનિટી લાઈફસેવર એવોર્ડ આપવામાં આવ્યો અને ઓક્ટોબરમાં વર્લ્ડ રિસ્ટાર્ટ હાર્ટ ડે નિમિત્તે સર્વાઈવર એવોર્ડ સિંગાપોર (Survivor Award Singapore) પણ પ્રાપ્ત થયો. ડો.વોંગ પર આ ઘટના પછી એન્જિયોપ્લાસ્ટિ (બલૂન થેરપી) થઈ હતી, એ પછી તેઓ સ્વસ્થ છે.

સંક્ષિપ્ત સમાચાર

આર્ટ ઓફ લિવિંગ અને પી.પી.સવાણી યુનિ. દ્વારા યૂથ એમ્પાવરમેન્ટના સેમિનાર માટે એમઓયુ થયું

સુરતઃ આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સ્થાપક શ્રી શ્રી રવિશંકરના માર્ગદર્શન હેઠળ આર્ટ ઓફ લિવિંગ સંસ્થા અને પીપી સવાણી યુનિવર્સિટી દ્વારા યુથ એમપાવરમેન્ટ સેમિનાર માટે MoU આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના કોઓર્ડિનેટર પ્રવિણભાઈ રૂપારેલિયા, તૃણાલ પટેલ તથા તેમની ટીમ અને પી પી સવાણી યુનિવર્સિટીના વાઇસ ચાન્સલર પરાગભાઈ સંઘાણી દ્વારા પી પી સવાણી યુનિવર્સિટીના Campus ખાતે કરવામાં આવ્યું હતું. આ યુથ પ્રોગ્રામનો મુખ્ય હેતુ પી પી સવાણી યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓમાં કાર્યકુશળતા લાવવા, તેમનામાં રહેલી કાર્યશક્તિને ઉજાગર કરવા, તેમજ તેનામાં રહેલી સામાન્ય નબળાઈઓ જેવી કે ડિપ્રેશન, એડિક્શન, એન્ઝાઈટી જેવી તમામ તકલીફોથી તેમને જાગૃત કરી તેનાથી દૂર કરવાનો હતો. આ પ્રોગ્રામ ૬ દિવસ માટે હોય છે, તેમજ તેનો લાભ પી પી સવાણી યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ તબક્કાવાર લેવાના છે.પી પી સવાણી ગ્રુપ ઓફ સ્કુલના ફાઉન્ડરવલ્લભભાઈ સવાણી તેમજ મહેશભાઈ સવાણી દ્વારા તેમની સ્કૂલોમાં પણ નાના બાળકો માટેના આવા વિવિધ પ્રોગ્રામો કરવામાં આવી રહ્યા છે.

ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ પોલ મર્ફીએ ગજેરા ગ્લોબલ સ્કૂલની મુલાકાત લીધી

સુરત : ૧૪મી ઓક્ટોબરે ગજેરા ગ્લોબલ સ્કૂલમાં ગજેરા ટ્રસ્ટ દ્વારા આયોજિત એક શૈક્ષણિક મુલાકાત માટે ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલ પોલ મર્ફીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. મર્ફીએ વિદ્યાર્થીઓ સાથે વૈશ્વિક શિક્ષણ, વૈશ્વિક સહકાર અને સાંસ્કૃતિક વિનિમય અંગેના આંતર દ્રષ્ટિપૂર્ણ વિચારો શેર કર્યા હતાં. સાથે તેમણે શાળાની નવીન શિક્ષણ પદ્ધતિઓ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પણ અવલોકન કર્યું હતું. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય સંબંધો અને વૈશ્વિક શિક્ષણમાં ઓસ્ટ્રેલિયાની ભૂમિકા વિશે મૂલ્યવાન આંતરદૃષ્ટિ મેળવી હતી. પોલ મર્ફી સમક્ષ વિદ્યાર્થીઓએ ગુજરાતી ગરબા પ્રસ્તુત કર્યા હતા, જેમાં તેમણે વિદ્યાર્થીઓ સાથે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે ગજેરા ટ્રસ્ટ સંચાલિત લક્ષ્મી ડાયમંડની તથા વાત્સલ્ય ધામની મુલાકાત લીધી હતી.

પંચમ્ ગ્રુપ દ્વારા અમિતાભ અને રેખાનાં ફિલ્મી ગીતોની સ્પર્ધા યોજાઈ ગઈ

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ દ્વારા ૧૩મી ઓક્ટોબરે સ્વરાન્ગન સ્ટુડિયોમાં અમિતાભ બચ્ચન અને રેખાના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રેષ્ઠ ગાયકો તરીકે એડવોકેટ વસંત રાઠોડ, મહેશ જેઠવા, સ્મિતા મેહતા, અશોક શેઠીયા, કેતકી ભટ્ટ, કિશન ભટ્ટ, ઉમંગ ભટ્ટ, શ્રીરંગ જોશી, દિપેશ મહેતા, જ્યોતિન્દ્ર ઘારીવાલા, બિભુતી રોય અને અન્ય ગાયકો મળી કુલ્લે ૩૨ વિજેતાઓને પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અતિથિ વિશેષ તરીકે મનપાના આસી. કમિ. કેતન દેસાઈ અને બીએસએનએલના પુરસોતમભાઇ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણ